Extra No. 155

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRA ORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] FRIDAY, JUNE 10, 2005/JYAISTHA 20, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

**StatutoryRules and Orders (Other than those published in Part I, I-A and I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.**

## The Gujarat Government Gazette
## Extraordinary

## Part – IV-C

Gujarati translation of Bills, Acts And Notifications other than those published in other parts.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
૧ લો માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ. તારીખ ૩૧ માર્ચ – ૨૦૦૫

તા. ૩૧ માર્ચ-૨૦૦૫ ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા નોટીફીકેશન નં.૮, ૨૦૦૫ વીજળી અધિનિયમ માટેના વિનિયમોનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

પી.એસ.શાહ
સચિવ

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**
**વિનિયમો, ૨૦૦૫**

**૨૦૦૫નું જાહેરનામું નં :૮**

**૨૦૦૩ના વીજળી અધિનિયમ (૨૦૦૩નો ૩૬મો અધિનિયમ)ની કલમ ૪૭ અને કલમ ૧૮૧ની પેટા કલમ(૨) (વી) અને (ડબલ્યુ) અન્વયે સુપરત કરાયેલી સત્તાઓ તથા તે અંગે તેમને સક્ષમ કરતી તમામ સત્તાઓની રૂએ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે નીચેના વિનિયમો ઘડે છે :**

**પ્રકરણ-૧**

**૧. ટૂંકું શીર્ષક, વ્યાપ્તિ અને પ્રારંભ :**

ક. આ વિનિયમો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો,૨૦૦૫ કહેવાશે.

ખ. આ વિનિયમો સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડશે અને તેમના સંબંધિત પરવાના યુકત વિસ્તારોની અંદર તમામ વિતરણ પરવાનેદારોને લાગુ પડશે.

ગ. આ વિનિયમો રાજપત્રમાં તેની પ્રસિધ્ધિની તારીખથી અમલમાં આવશે.

## પ્રકરણ-૨

## ૨. વ્યાખ્યાઓ :

૨.૧ આ વિનિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષતિ હોય તે સિવાય,

(ક) 'અધિનિયમ' એટલે ૨૦૦૩નો વીજળી અધિનિયમ (૨૦૦૩ નો ૩૬ મો )
(ખ) 'બેંક દર' એટલે ભારતીય રિઝર્વ બેંકે નિર્દિષ્ટ કરેલ બેંક દર
(ગ) 'આયોગ' એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
(ઘ) 'વપરાશ ખર્ચ' એટલે કિલો વોટ અવરમાં વીજળી-શકિતનો વપરાશ X યોગ્ય પ્રશુલ્ક દર અને તેમાં માગ/ નિયત ખર્ચ, બળતણ ભાવ અને વીજ-ખરીદી સમાયોજન ( FPPPA) ખર્ચ, અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે શુલ્ક અનુસૂચિમાં મંજૂર કરેલ બીજું કોઇપણ અને ખર્ચ વીજળી શુલ્ક અને વૈદ્યાનિક સત્તાધિકારીઓ દ્વારા વખતોવખત નાખવામાં આવે તેવા બીજા કોઇપણ ખર્ચનો સમાવેશ થાય છે.



(ચ) 'માગ ખર્ચ' એટલે ગ્રાહકને ચૂકવવાપાત્ર ખર્ચ, જે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે વખતોવખત મંજૂર કર્યા મુજબ પ્રસ્તુત વિનિયમો સાથે વાંચતા પ્રશુલ્ક અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબ કરાર કરાયેલ માંગણી કે નોંધેલ અધિકતમ માગ પર આધારિત છે.
(છ) 'વીજળી ખર્ચ' ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે વખતોવખત મંજૂર કર્યા પ્રમાણે પ્રસ્તુત વિનિયમો સાથે વાંચતા પ્રશુલ્ક અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વીજળી વપરાશ અંગે ચૂકવવાપાત્ર ખર્ચનો ઉલ્લેખ કરે છે.
(જ) 'નિયત ખર્ચ' વખતોવખત અમલમાં આવે તે પ્રશુલ્ક (ટેરિફ) અનુસાર ગ્રાહકે ચૂકવવાપાત્ર ખર્ચ, જે, મંજૂર કરેલ વીજભાર કે નોંધેલી અધિકતમ માગ કે કરાર-માગ પર આધારિત છે.
(ઝ) 'ગોઠવણ' એટલે વીજ ઉત્પાદન, રૂપાંત્ર, પ્રવાહન, ફેરફાર, વિતરણ કે તેના ઉપયોગના હેતુસર વપરાતો કોઇપણ મિશ્ર વીજ એકમ

(ટ) 'મહિનો' એટલે સંદર્ભથી અન્યથા જરૂરી હોય તે સિવાય અંગ્રેજી કેલેન્ડરનો મહિનો. એક કેલેન્ડર મહિનાની નિર્દિષ્ટ તારીખથી બીજા કેલેન્ડર મહિનાની તે જ તારીખ સુધીનો સમય ( લગભગ ૩૦ દિવસ જેટલો સમય-ગાળો)

(ઠ) 'જગ્યા' માં જમીન, મકાન કે સંરચનાનો સમાવેશ થાય છે.

(ડ) પ્રશુલ્ક એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા મંજૂર કરાયેલ પ્રશુલ્કમાં નિર્દિષ્ટ પ્રકારના ગ્રાહકોને પૂરી પડાતી આવી તમામ નિર્દિષ્ટ સેવાઓ (સર્વિસ)ને લાગુ પડતા, નિર્દિષ્ટ સેવાઓ માટે ધોરણસરના ભાવ કે ખર્ચની અનુસૂચિ.

(ઢ) 'રાજય અધિનિયમ' એટલે ગુજરાત વીજ-ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમ,૨૦૦૩

(ણ) 'કામચલાઉ નોકરી' એટલે શરૂઆતમાં વધુમાં વધુ એક મહિના માટે આપવામાં આવતાં વીજળી પુરવઠો, જે કાયમી હેતુસર વીજ-ગોઠવણના વર્ગીકરણ અનુસાર વધુ મુદત લંબાવવા અંગેની સમીક્ષાને આધીન રહેશે.

આ વિનિયમોમાં વપરાયેલ અને વ્યાખ્યા નહીં આપેલ, પરંતુ અધિનિયમ કે રાજય અધિનિયમ અથવા તે હેઠળ ઘડાયેલ નિયમોમાં વ્યાખ્યા અપાયેલ શબ્દો કે શબ્દસમૂહોના અર્થ, ઉકત અધિનિયમ કે રાજય અધિનિયમ કે આવા નિયમોમાં તેઓને અપાયેલ અર્થ મુજબ રહેશે. અહીં વાપરેલા પરંતુ આ વિનિયમો, અધિનિયમ કે રાજય અધિનિયમ કે તે અન્વયે ઘડાયેલા નિયમોમાં સ્પષ્ટપણે વ્યાખ્યા ન આપી હોય, પરંતુ સક્ષમ વિધાનસભાએ મંજૂર કરેલ કોઇપણ કાયદા હેઠળ વ્યાખ્યા કરેલ અને રાજયમાં વીજ ઉદ્યોગને લાગુ પાડવાપાત્ર શબ્દો અને શબ્દસમૂહોના અર્થ, આવા કાયદામાં તેમને અપાયેલ અર્થ મુજબ રહેશે. ઉપરની બાબતને આધીન રહીને, અહીં વપરાયેલ પરંતુ વિનિયમો કે અધિનિયમ કે રાજય અધિનિયમ કે તે અન્વયે ઘડાયેલ નિયમો કે સક્ષમ વિધાનસભાએ પસાર કરેલા બીજા કોઇપણ કાયદામાં નિર્દિષ્ટપણે વ્યાખ્યા ન અપાયેલ હોય તેવા શબ્દો કે શબ્દ સમૂહોના અર્થ સામાન્ય રીતે, વીજ-ઉદ્યોગમાં તેને અપાયેલ અર્થ મુજબ રહેશે. મુંબઇ સામાન્ય ખંડ અધિનિયમ, ૧૯૯૪, હાલના વિનિયમોના હેતુ માટે લાગુ પડશે.



## ૨.૨ અર્થઘટન :

આ વિનિયમોમાં અર્થઘટન, સંદર્ભથી અન્યથા અપેક્ષતિ હોય તે સિવાય નીચે મુજબ થશે.

(ક) એકવચન કે બહુવચનના શબ્દો, યથાપ્રસંગ, અનુક્રમે બહુવચન કે એકવચનના શબ્દનો સમાવેશ કરતા હોવાનું ગણવામાં આવશે.

(ખ) 'સમાવેશ' કે 'સહિત' શબ્દોની પાછળ, આવા શબ્દો આયાત જેવા વાકયાંશો કે શબ્દો પછી આવતા હોય કે નહીં તે લક્ષમાં લીધા વિના 'મર્યાદા વિના' અથવા 'પરંતુ....ને મર્યાદિત નહીં' એમ આવતું હોવાનું ગણવામાં આવશે.

(ગ) અહીં 'વિનિયમ' ના સંદર્ભોનો ઉલ્લેખોનો અર્થ, અમલમાં હોય તે કાયદા અનુસાર, આયોગ દ્વારા વખતોવખત સુધારવામાં કે ફેરફાર કરવામાં આવે તે મુજબના વિનિયમોનાં સંદર્ભ તરીકે કરાશે.

(ઘ) શીર્ષકો સુગમતા માટે સૂચવ્યા છે અને આ વિનિયમોના અર્થઘટન માટે તેને ધ્યાનમાં લેવા નહીં.

(ચ) કાનૂન, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓના સંદર્ભોનાં અર્થ, અહીં ઉલ્લેખ કરાયેલ આવા કાનૂન, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને, યથાપ્રસંગ, એકત્રિત કરતી, સુધારતી કે બદલતી તમામ વૈધાનિક જોગવાઇઓ સહિત હોવાનું ગણાશે.

## <u>પ્રકરણ-૩</u>

## ૩. <u>વીજળી માટે જામીનની જરૂરિયાત :</u>

**૩.૧** અધિનિયમમી કલમ-૪૭માં જોગવાઇ કર્યા પ્રમાણે, વિતરણ પરવાનેદારે, અધિનિયમની કલમ-૪૩ અનુસાર પોતાના મકાનની જગ્યાએ વીજળી પુરવઠો માગનાર કોઇપણ વ્યકિત પાસેથી, પરવાનેદારને લેણી થતી અંદાજિત ચુકવણી સામે પૂરતી જામીનગીરી અનામત ચૂકવશે.

(અ) આવી વ્યકિત કે જેને વિજળી સપ્લાય આપવામાં આવતી હોય ( વિજળીના ફિકસ્ડ / ડીમાન્ડ ચાર્જીસ, વળતરના ભાવો, વિજળીના વેરા, અને અન્ય કિંમત સમય સાથે લગાવવામાં આવે તેના સમાવેશ સાથે અથવા

(બ) જયાં વિજળીની લાઇન, અથવા વિજળીના પ્લાન્ટ અથવા વિજળીના મીટર વિજળી પહોંચવા માટે કરાર મુજબ આવી લાઇન, અથવા પ્લાન્ટ અથવા મીટર મુકવામાં આવ્યા હોય.

**૩.૨** આવી વ્યકિત વિનિયમ ૩.૧ અન્વયે આવી જામીનગીરી આપવામાં નિષ્ફળ જાય તો, વિતરણ પરવાનેદાર, આ નિષ્ફળતા ચાલુ રહે તે દરમ્યાન તેટલી મુદત માટે વીજળી પુરવઠો આપવાનો ઇન્કાર કરી શકે.



## <u>પ્રકરણ-૪</u>

## ૪ <u>પૂરી પાડેલ / પૂરી પાડવાની વીજળી માટે જામીન અનામત :</u>

**૪.૧** નિમ્ન-દાબવાળા ગ્રાહકો, હંમેશ, દ્વિમાસિક બીલનો વારો લાગુ પડતો હોય ત્યાં ત્રણ મહિનાના વપરાશના, અથવા માસિક બીલનો વારો લાગુ પડતા હોય તેવા કેસમાં આવા બે મહિનાના વપરાશ ખર્ચની સમતુલ્ય રકમ, પરવાનેદાર પાસે જોઇશે, જે રકમ, વીજ

પુરવઠાની સમજુતિ અમલમાં હોય તે મુદત દરમિયાન ચુકવણીમાં કોઇ કસૂરની સામે, તેને પૂરી પાડેલી/ પૂરી પાડવાની વીજળી પેટે જામીન તરીકે રહેશે.

પરંતુ, દ્વિમાસિક વારાની પધ્ધતિ બદલીને માસિક બિલના વારાની પધ્ધતિ બદલીને માસિક બિલના વારાની પધ્ધતિ આવે તો, પરવાનેદારે, હાલ બાકી નીકળતી રકમ અથવા ત્યારપછી તરત લેણી થતી રકમ સામે હિસાબમેળ કરીને પ્રર્વતમાન પ્રશુલ્ક દરે અંદાજેલા બે મહિનાના ખર્ચ ઉપરાંતની કોઇ રકમ હોય તો, પરવાનેદારે તે વધારાની રકમ પરત ચૂકવવી.

**૪.૨** ઉંચા-દાબવાળા ગ્રાહકોએ હંમેશા, વીજ પુરવઠા સમજૂતિ અમલમાં હોય તે દરમિયાન ચુકવણીમાં કોઇ કસૂર થાય તો તેની સામે, પૂરી પાડેલી / પૂરી પાડવાની વીજળી અંગેની જામીન તરીકે દોઢ મહિનાના વપરાશ ખર્ચની સમકક્ષ રકમ પરવાનેદાર પાસે રાખશે.

**૪.૧** જામીન તરીકે ચૂકવવાની રકમ રોકડી અથવા પરવાનેદારની તરફેણમાં લખેલ ડિમાન્ડ ડ્રાફ્ટના રૂપમાં હશે.

**૪.૨** વીજળી માટેના અરજદારો, તેમને પૂરી પાડવામાં આવતી વીજળી માટે શરૂઆતમાં નીચે મુજબ જામીન અનામત ચૂકવશે.

| | | |
|---|---|---|
| ૧. | રહેણાંકનાં મકાનોને વીજળી પુરવઠા માટે | પ્રર્વતમાન પ્રશુલ્કના દરે પ્રયોજિત વીજળીના દરેક ૦.૫ કિ.વો. માટે ૫૦ યુનિટના વપરાશ અંગેનું વપરાશ ખર્ચ, પરંતુ કોઇપણ કેસમાં તે ૨૦૦/- થી ઓછું નહીં. |
| ૨. | રહેણાંકનાં મકાનો સિવાય અન્યત્ર વીજ પુરવઠો | પ્રર્વતમાન પ્રશુલ્કના દરે પ્રયોજિત વીજભારના દર ૦.૫ કિ.વો માટે ૭૫ યુનિટના વપરાશ અંગેનું વપરાશ ખર્ચ, પરંતુ કોઇપણ કેસમાં તે રૂા.૫૦૦/- થી ઓછું નહીં. |
| ૩. | સંયોજિત ભાર દ્વારા સંચાલિત ઔદ્યોગિક જગ્યાઓમાં નિમ્ન-ભારનો વીજ-પુરવઠો માટે<br>૨૦ એચ.પી સુધી<br>૨૧-૫૦ એચ.પી<br>૫૧ એચપી અને તેથી વધુ | નીચેના વપરાશ માટે વપરાશ ખર્ચ<br><br>૨૦ એચ.પી સુધી...૭૫ યુનિટ/એચ.પી<br>૨૧-૫૦એચ.પી....૧૫૦ યુનિટ/એચ.પી<br>૫૧ એચપી અને ૩૦૦ યુનિટ/ એચ.પી<br><br>પરંતુ કોઇપણ સંજોગોમાં રૂા.૮૦૦/- થી ઓછું નહીં. |
| ૪. | કૃષિ-ગ્રાહકને વીજ પુરવઠા માટે | કરાર કરાયેલ ભારના બી એચ પી દીઠ (એચ.પી પ્રશુલ્ક પર આધારિત) પ્રર્વતમાન વાર્ષિક પ્રશુલ્ક દરના ૨૫% ની સમકક્ષ વપરાશ ખર્ચ |
| ૫. | (એલ ટી) નિમ્ન ભારનો કામચલાઉ પુરવઠો | ઓછામાં ઓછા સાત દિવસ માટે પ્રર્વતમાન પ્રશુલ્કના દરે પ્રયોજિત ૧૦ યુનિટ/ કિ.વો ભારના વપરાશ માટે વપરાશ ખર્ચ |



| |
|---|
| **માગ આધારિત પુરવઠા માટે** |

| | | |
|---|---|---|
| ૬. | સતત ચાલુ પ્રક્રિયા ઉદ્યોગ માટે | ૮૫% કરાર માગ વત્તા ૮૦% વીજ ઘટક પર આધારિત વીજ-ખર્ચ વત્તા કરવેરા પર આધારિત માગ ખર્ચને લેતા માસિક વપરાશ ખર્ચની ૧.૫ ગણી રકમ. ગણતરી માટે, વીજ ઘટક ૦.૯ થી ગણવું. |
| ૭. | નિરંતર ચાલુ ન હોય તેવા પ્રક્રિયા ઉદ્યોગ માટે | ૮૫% કરાર માગ વત્તા વીજભાર ઘટકના ૮૦% પર આધારિત વીજળી-ખર્ચ ગણીને માસિક વપરાશ ખર્ચની ૧.૫ ગણી રકમ. ગણતરી માટે, વીજઘટક ૦.૯ થી ગણવો. |
| ૮. | કેન્દ્ર સરકાર, અર્ધ સરકારી અને સ્થાનિક સત્તાતંત્રના સંસ્થાપનો માટે | કરાર માગના ૮૫% વત્તા વીજભાર ઘટકના ૪૦% ને આધારે વીજળી ખર્ચ વત્તા અન્ય તમામ કરવેરાને આધારે માગ ખર્ચ ગણતરીમાં લઇને માસિક વપરાશ ખર્ચ ૧.૫ ગણી રકમ. ગણતરી માટે વીજ ઘટક ૦.૯ થી ગણવો. |
| ૯. | કામચલાઉ પુરવઠો | કરાર માગના ૮૫% વત્તા વીજઘટકના ૬૦%ને આધારે વીજળી ખર્ચ વત્તા અન્ય તમામ કરવેરાને આધારે માગ ખર્ચની ગણતરી કરીને માસિક વપરાશ ખર્ચની ૨.૦ ગણી રકમગણતરી માટે વીજઘટક ૦.૯ થી ગણવો. |
| ૧૦. | ઉપર નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયના બીજા હેતુ માટે | ૮૫% કરાર-માગ વત્તા વીજભાર ઘટકના ૫૦% ને આધારે વીજળી ખર્ચ વત્તા અન્ય તમામ કરવેરાને આધારે માગણી ખર્ચ ગણીને માસિક વપરાશ ખર્ચની ૧.૫ ગણી રકમ ગણતરી માટે, વીજ ઘટક ૦.૯ થી ગણવો. |

**૪.૫** જેમને વધારાની માગણી મંજૂર કરવામાં આવી હોય તેવા ગ્રાહકોના કેસમાં, ખંડ ૪.૪માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે લાગુ પડતા પ્રશુલ્કના પ્રવર્તમાન દરે સમગ્ર વીજભાર માટે આ નવી સર્વિસ હોય તે રીતે વધારાની માગણી માટે વધુ જામીન અનામત ગણવામાં આવશે.

**૪.૬** ખંડો ૪.૧ અને ૪.૨ માં નિર્દિષ્ટ કર્યા મુજબ ત્રણ મહિના કે બે મહિના કે દોઢ મહિનાની મુદતો માટેનાં નિયંત્રણોને આધીન રહીને, પરવાનેદાર, ગ્રાહકો બાબતમાં જામીન અનામત રકમની ગણતરીની પર્યાપ્તતા, આગલા વર્ષના એપ્રિલથી માર્ચ સુધીના બાર માટેના દર્શાવતી મુદત માટે સરેરાશ યુનિટ વપરાશને આધારે, દર વર્ષે એક વાર ( મુખ્યત્વે સંબંધિત વર્ષ માટેના પ્રશુલ્કમાં સુધારા કર્યા બાદ ) પુનર્વિલોકન કરશે.

**૪.૭** છેલ્લા બાર મહિનાના તેના સરેરાશ વપરાશને આધારે ગ્રાહક પોતાની જામીન અનામત રકમની સમીક્ષા કરવા વિનંતી કરે તો, પરવાનેદાર તેની સમીક્ષા કરશે. અને આવી સમીક્ષાને આધારે, પરવાનેદાર વધારાની રકમ પરત કરશે.

**૪.૮** ગ્રાહક તેના કરાર-માગ / કરારબધ્ધ વીજભારમાં ઘટાડો કરવા માગતો, પરવાનેદાર વિનંતીથી સમીક્ષા કરશે. આવી સમીક્ષા અન્વયે, પરવાનેદાર કરાર-માગ/ કરારબધ્ધ વીજભારમાં ઘટાડો કરે તો, ખંડ ૪-૪ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે તે નવી સર્વિસ હોય તે રીતે ઘટાડેલી માગ માટે લાગુ પડતા પ્રવર્તમાન પ્રશુલ્ક દર પ્રમાણે જામીન અનામતની ગણતરી કરાશે. આવી સમીક્ષાને આધારે પરવાનેદાર વધારની રકમ પરત કરશે.





**૪.૯** આવી સમીક્ષાને આધારે, પરવાનેદાર, યથાપ્રસંગ, જામીન અનામતની રકમમાં વધારો કરશે અથવા તેની રકમમાં ઘટાડો કરશે. પરંતુ, ગ્રાહક દ્વારા ચૂકવવાપાત્ર જામીન અનામત ઓછી-હાલની જામીન અનામત રકમના ૧૦% કરતાં વધુ ન હોય તો, વધુ જામીન અનામતની ચુકવણી માટે કોઇ માંગણી કરાશે નહી. હાલની ગ્રાહકની જામીન અનામતની રકમ, જરૂરી જામીન

અનામતના ૧૦% કરતાં વધુ હોય તો, ભવિષ્યનાં બિલોમાં હિસાબમેળ કરીને, વધારાની જામીન અનામત પરત કરવામાં આવશે. જ્યાં જામીન અનામતની રીતે વધારાની રકમ ચૂકવવાની હોય ત્યાં, ચુકવણી માટે ૩૦ દિવસની અંદર નોટિસ મોકલવામાં આવશે.

**૪.૧૦** ખંડ ૪.૪ માં દર્શાવ્યા મુજબ પરવાનેદારે માગ્યા મુજબની જરૂરી જામીન અનામત રકમની અરજદાર ચુકવણી ન કરે તો પરવાનેદાર વીજ પુરવઠો છૂટો કરવાનો ઇન્કાર કરી શકે. ખંડ.૪.૮ ના સંદર્ભમાં પરવાનેદારે જામીન અનામત જરૂરિયાતની સમીક્ષા કરી હોય અને તદ્નુસાર, ગ્રાહકે જામીન અનામત તરીકે વધુ રકમ ચૂકવવાની જરૂર પડે અને ગ્રાહક ચુકવણી ન કરે તો, ૨૦૦૩ના વીજ અધિનિયમની કલમો ૪૭(૩) અને ૫૬ અનુસાર ગ્રાહકનો પુરવઠો બંધ કરવાને પાત્ર ઠરશે.

**૪.૧૧** પરવાનેદાર, પૂરી પાડેલી વીજળી માટે ગ્રાહકની જામીન અનામત પર, ભારતીય રિઝર્વ બેંકે નિર્દિષ્ટ કરેલા ( દર વર્ષે ૧લી એપ્રિલના રોજ મુજબ) બેંક દરે, અથવા આયોગ વખતોવખત નકકી કરે તેના ઉંચા દરે વ્યાજ ચૂકવશે. ગ્રાહકના ખાતે આગલા વર્ષ દરમિયાન જમા થયેલી વ્યાજની રકમનો, માસિક બિલ પધ્ધતિ હેઠળ આવરી લેવાયેલા ગ્રાહકો માટે દર વર્ષે મેના વીજળી બિલોમાં અને બે મહિનાની પધ્ધતિ હેઠળ આવરી લેવાયેલા ગ્રાહકો માટે જો કે જૂનના વીજળી બિલોમાં હિસાબમેળ કરાશે.

**૪.૧૨** વીજળી બિલની ચુકવણી કરવામાં ગ્રાહક કસૂર કરે તેવા કેસમાં, અગાઉ ચૂકવેલી જામીન અનામતની રકમ, વિતરણ પરવાનેદારની સમીક્ષાને આધીન રહેશે. ઉકત અનામતની રકમ, આ વિનિયમો અનુસાર પ્રર્વતમાન ધોરણો પર આધાર રૂાખીને ગણી કાઢવામાં આવશે.

**૪.૧૩** ગ્રાહકોએ, પરવાનેદારે માગ-નોટિસ બજવણીની તારીખથી ત્રીસ દિવસની અંદર વધુ જામીન અનામત રકમ ચૂકવવાની રહેશે. ચુકવણી કરવામાં વિલંબ થશે તો, ગ્રાહક વાર્ષિક ૦.૨૫% દરે અથવા આયોગ વખતોવખત નકકી કરે તે દરે તેના પર સરચાર્જ ચૂકવશે.

**૪.૧૪** પરવાનેદાર, બન્ને પક્ષકારમાંથી કોઇપણ સમજૂતિ સમાપ્ત કરે તો, કોઇ લેણાં હોય તો તેનો હિસાબમેળ કર્યા પછી જામીન અનામત ૩૦ દિવસની અંદર પરત કરશે.



## **<u>પ્રકરણ-૫</u>**

### **૫. <u>પ્રકીર્ણ:</u>**

### **૫.૧: <u>મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા :</u>**

આ વિનિયમોની કોઇપણ જોગવાઇનો અમલ કરવામાં કોઇ મુશ્કેલીના પ્રસંગે, આયોગ સામાન્ય કે ખાસ હુકમ આપીને, પરવાનેદારને, મુશ્કેલી દૂર કરવાના હેતુ માટે યોગ્ય અને આવશ્યક જણાય તો ૨૦૦૩ના વીજળી અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવાં યોગ્ય પગલાં લેવા ફરમાવી શકશે.પરવાનેદાર, આ વિનિયમોના અમલમાં ઊભી થતી કોઇપણ મુશ્કેલીઓ દૂર કરવા આયોગને અરજી કરીને યોગ્ય આદેશો માગી શકશે.

**૫.૨: આદેશો અને માર્ગદર્શક સૂચનાઓ આપવી :**

૨૦૦૩ના વીજળી અધિનિયમની જોગવાઇઓને અને આ વિનિયમોને આધીન રહીને, આયોગ, અનુસરવાના વિનિયમો અને કાર્યપધ્ધતિઓના અમલ બાબતમાં વખતોવખત આદેશો અને માર્ગદર્શક સૂચનાઓ આપશે.

**૫.૩ : સુધારા કરવાની સત્તા :**

આયોગ, આ વિનિયમોની કોઇપણ જોગવાઇમાં જરૂર જણાય તેમ અને ત્યારે ગમે તે સમયે, ઉમેરો, ફેરફાર, પરિવર્તન કે સુધારા કરી શકશે.

**પી.એસ.શાહ**
**સચિવ**

અમદાવાદ
૩૧મી માર્ચ-૨૦૦૫